સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૧૧

થવું નથી વિસર્જિત, ઉત્સવો ચાલુ રાખવા છે,
દેવા નથી કોઇને, બે હાથમાં લાડુ રાખવા છે,
રાખવા છે, નીત મેળા, કેટલાયને ડૂબાડી ને -
આપવું કૈં નથી, મૂષકો ને દોડતા રાખવા છે..
(રાજકીય ગણપતિ)

હાઈકુ

બેફામ ગતિ
- ને જરૂર છે હવે
સ્પીડ બ્રેકર..

'ચા' થૈ નથી ને -
કીટલીઓ ગરમ -
દાઝે કાયદા..

ચિંતન

લુબ્ધાનાં યાચકઃ શત્રુર્મુખાણાં બોધકઃ રિપુઃ ।
જાર સ્ત્રીણાં પતિઃ શત્રુરયોરાણાં ચંદ્રમા રિપુઃ ॥

ચાણક્ય નીતિ શાસ્ત્રનો આ શ્લોક છે :

'લોભી મનુષ્યનો શત્રુ ભિખારી કે ઉદાર માગવાવાળા છે, મૂર્ખોનો શત્રુ તેમને જ્ઞાન કે ઉપદેશ આપનારા હોય છે, વ્યભિચારીણી ચારિત્ર્યહિન સ્ત્રીનો શત્રુ એનો પતિ હોય છે અને ચોરોનો શત્રુ ચંદ્ર-અજવાળી રાત હોય છે.'

જે વ્યક્તિ લોભી-કંજૂસ હોય છે એ કોઇને પણ કંઇ આપી શકતો નથી - જીવ જ ચાલતો નથી આમ છતાં કોઇ સંબંધી-મિત્ર તેને શરમાવીને પણ કંઇ ઉધાર-નાણાની યાચના માટે દબાણ કરે ત્યારે એ નિકટનો સંબંધી હોય તો પણ શત્રુ જેવો લાગે છે.

મૂર્ખ માણસને સાચી સલાહ આપનાર કે ઉપદેશ આપનાર ગમતા નથી એ પોતાને જ સર્વજ્ઞ સમજતા હોય છે તેની કોઇ ભૂલ કાઢે, દોષ બતાવે તો શત્રુ જેવા લાગે.

ચારિત્ર્યહિન સ્ત્રી પોતાના પતિની ગેરહાજરીમાં - ચોરી છૂપીથી પોતાના પ્રેમી સાથે મોજમજા કરે છે એમાં જો અચાનક પતિ આવી ચઢે તો શત્રુ જેવો લાગે છે.

ચોર અંધારી રાતે જ ચોરી કરવાનું યોગ્ય સમજે છે. ચાંદની રાતમાં પકડાઇ-ઓળખાઇ જવાનો પૂરો ભય રહે છે. તેથી ચાંદની રાત તેને દુશ્મન જેવી લાગે છે.

સુવિચાર

- **ચિંતા એ જીવનમાં કાટરૂપ છે, તે એની ઉજ્જવળતાનો નાશ કરે છે અને તે જીવનની તાકાતને નબળી પાડે છે - એસ. ભટ્ટાચાર્ય**
- **ક્રોધ એવો પવન છે જે તમારા બુદ્ધિના દિવાને ઓલવી નાખે છે - માનસ સૂત્ર**
- **આળશ ને માત્ર તમે 'આજ' આપો છો, પણ તે તો તમારી 'કાલ' પણ ચોરી જાય છે - ડૉ. એ.પી.જે. કલામ**
- **ભૂતકાળમાં મેં જે આંસુ પાડ્યા હતા તે અત્યારે યાદ કરું છું તો હસવું આવે છે, પરંતુ મને એ ખબર નહોતી કે ભૂતકાળમાં આપણે જે હસ્યાં હતાં એ યાદ કરવાથી આંસુ આવી જશે - સુરેશ દલાલ**
- **સમયનો સ્વભાવ અટકવાનો નથી, માણસ અટકી જતો હોય છે, માણસ ભટકી જતો હોય છે. માણસ ક્યારેક પોતાને જ ખટકી જતો હોય છે અને ક્યારેક માણસ પોતાના હાથમાંથી છટકી જતો હોય છે - માનસ સૂત્ર**
- **જે સાચું રડી શકતો નથી એ ક્યારેય સાચું હસી પણ શકતો નથી, હસવા કરતાં રડવામાં વધુ સહજતા જોઇએ છે - સાધુ વાસવાણી**
- **શાંતિ જોઇતી હોય તો મન નો કોલાહલ બંધ કરો અને સતત વિચારો વચ્ચે પણ મૌન કેળવો - ઓશો**

બોધ કથા

પ્રાર્થના માનવીને નૈતિક અને આત્મબળ પુરૂં પાડે છે. 'હે જગજનની હે જગદંબા કે મારૂં જીવન અંજલિ થાજો' જેવી પ્રાર્થનાના શબ્દો હૃદયમાં કોતરાઇ જાય તો જીવનપથ પર સતત પ્રેરણા મળ્યા જ કરે.

એક છોકરો એકલપેટો હતો. કોઇની સાથે હળે-મળે નહીં, હસે-બોલે નહીં, એકલો રમકડાંથી રમે કે કાગળ પર કંઇ ચિત્ર-વિચિત્ર દોર્યા કરે. ક્યારેક ધનપતિ થવાના તો ક્યારેક પાદરી થઇ જવાના વિચાર કરે - પણ મા ની પાસે બધું જ નિખાલસ ભાવે કહી દે.

મા એ એના માટે એક ખાસ પ્રાર્થના તૈયાર કરી અને દરરોજ રાત્રે સૂતી વખતે તેની પાસે બોલાવતી - 'જો તું સૈનિક થઇશ તો સેનાપતિ જ થઇશ, જો તું પાદરી થઇશ તો માત્ર પોપ બની શકીશ પણ તું કંઇક વિશિષ્ટ થવાનો પ્રયત્ન કર કે જેથી કરીને વિશ્વમાં તારી નામનાનો ડંકો વાગે.'

પછી પુત્રને ચિત્રકળામાં રસ જાગ્યો અને એ દિશામાં સ્કૂલ-તાલીમ અને સાથે વિશિષ્ટ ચિત્રકારોની મુલાકાત અને એમનાં ચિત્રોનાં રહસ્ય જાણ્યાં - પછી જાતે પણ કેનવાસ પર ચિત્રો દોરવા લાગ્યો - અને ચમત્કાર થયો.

આ બાળકનું નામ 'પાબ્લો પિકાસો' એણે દોરેલાં દસ ચિત્રોની સિરીઝ જેનું નામ 'ટ્રાયમ્ફ' છે તેની કિંમત લાખો પાઉન્ડ છે - એ એની માતાને સમર્પિત કર્યા છે. આ હતી પ્રાર્થનાની પ્રેરણા.

Email - sureshchandrabhatt18@gmail.com

મૂલ્યશિક્ષણ આપણને પરંપરાગત મૂલ્યો, નીતિમત્તા અને બીજું ઘણું બધું શીખવે છે

રાષ્ટ્રીય ભાવનાનું મૂલ્ય... મહત્વ અને પ્રવૃત્તિઓ...

- હર્ષદભાઈ બી. શાહ

આજનાં બાળકો એ આવતીકાલના નાગરિકોછે. 'ભારતનું ભાવિ એનાં વર્ગખંડોમાં ઘડાઇ રહ્યું છે.' શાળા-મહાશાળાઓમાં અભ્યાસ કરતા, શક્તિ ને સ્ફૂર્તિથી તરવરતા યુવા વિદ્યાર્થીઓ કે યુવાનો દેશનાં ભાવિની ઉજ્જવળ આશા છે, રાષ્ટ્રનું કીમતી ધન ને મોંઘામૂલું રત્ન ગણાય છે. 'ચા હોમ કરીને પડો, ફતેહ છે આગે...' "Come what may" તથા "Yes, we can" એ યુવાનોના જીવનમંત્રો રહેલા છે. અનેક નાની-મોટી સમસ્યારૂપી આંધીમાં અટવાતા રાષ્ટ્ર સમક્ષ યુવા વિદ્યાર્થી જે ક્રાંતિની મશાલ ધરે છે. અત્યાર સુધી વિશ્વમાં જે જે ક્રાંતિ થઇ તે સૌમાં યુવાધન જ સ્વમાવભેળ મોખરે રહ્યું છે. ભારતના બંધારણમાં કલમ નં. 51(ક) માં જે નાગરિક ધર્મ સાથે રાષ્ટ્રીય ધર્મો પણ વર્ણવાયા છે, તે દરેકે વાંચવા જોઇએ.

ભારતનાં સવિધાનને વફાદાર રહેવાનું, તેના આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવાનું કામ યુવા વિદ્યાર્થીઓનું અને સૌનું છે. આઝાદીનું રક્ષણ કરવાનું, આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરીને તેને અનુસરવાનું કામ સૌ બાળકો, વિદ્યાર્થીઓ, યુવાનો, નાગરિકોનું છે. ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અંખડિતતાનું સમર્થન કરવાનો ધર્મ સૌનો છે. દેશનું રક્ષણ કરવાનું અને રાષ્ટ્રીય સેવા બજાવવાનું કામ, ભારતના તમામ લોકોમાં સુમેળ ને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાનું તથા ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવવાનું કામ આપણા સૌનું છે. શાળાઓમાં અભ્યાસ સાથે તેના મૂલ્યલક્ષી પાઠો ભણાવીને સંસ્કારોનું સિંચન કે મૂલ્યલક્ષી ગુણોનું સિંચન કરવાનું કામ ગુરૂ અધ્યાપકોના શિરે રહેલું છે.

મૂલ્યો એ વ્યક્તિત્વમાં વણાઇ ગયેલા વિચારો છે, જે વ્યક્તિનાં વર્તન અને નિર્ણયો પર અસર કરે છે. મૂલ્યોનું શિક્ષણ એ બાળકોની ચેતનાશક્તિને ઉમદા કે ઉત્તમ જીવન તરફ લઇ જવાની એક સુંદર કળા છે. મૂલ્યશિક્ષણ આપણને પરંપરાગત મૂલ્યો, નીતિમત્તા અને બીજું ઘણું બધું શીખવે છે. સમાજને જરૂરી એવા કોઇ પણ સદ્ગુણો મૂલ્ય તરીકે ઓળખવામાં આવે છે. મૂલ્યોનાં શિક્ષણમાં માત્ર સત્ય પ્રેમ, અહિંસા, સાહસ, વિશ્વાસ તથા પ્રામાણિકતા જેવા સર્વસામાન્ય ગુણોની સાથે સમાજને લગતા આત્મવિશ્વાસ, નેતૃત્વ, નાગરિકતા, રાષ્ટ્રભાવના, સહકાર તથા કરૂણા જેવા સદ્ગુણો કે મૂલ્યનિષ્ઠ ગુણોનો સમાવેશ પણ થાય છે.

મૂલ્યોના ઘડતરમાં શાળા, કુટુંબ, શિક્ષકો, મિત્રો, પડોશી, સંચાર માધ્યમો, શિક્ષણ, સાહિત્ય, વક્તવ્યો, વ્યક્તિના કે મહાન વિભૂતિઓનાં જીવનમાં વણાઇ ગયેલા પ્રેરક પ્રસંગો વગેરે અગત્યનો ભાગ ભજવે છે.

વિદ્યાર્થીઓમાં રહેલી સત્યનિષ્ઠા, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા, અપરિગ્રહ, સહાનુભૂતિ, ઉચ્ચ ચારિત્ર્ય, રાષ્ટ્રીય ભાવના વગેરે જેવા ઉમદા ગુણોના સમન્વયથી મૂલ્યનિષ્ઠા કેળવાતી હોય છે. તેથી આ પ્રકારનાં મૂલ્યો વિદ્યાર્થીઓમાં બાળપણથી જ પાયાના શિક્ષણથી જ કેળવાય તે માટેની કેટલીક પ્રવૃત્તિઓ કરી શકાય તે માટે દરેક મૂલ્યનિષ્ઠ શિક્ષક/વાચક વર્ગે આ 'મૂલ્યલક્ષી શિક્ષણ' વિશેપાંકના લેખોમાં પીરસેલી માહિતી, વિગતો, માર્ગદર્શક પ્રવૃત્તિઓ અને સૂચનો અચૂક વાંચી તેનો અમલ કરવો/કરાવવો જોઇએ. ધો-૯ અને ૧૦ માટે આ અગાઉ બોર્ડે આપેલી બે વિશિષ્ટ માર્ગદર્શક પુસ્તિકાઓ : 'શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન' ધો-૯ (મે, ૨૦૧૨માં) તથા શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન (એસ.સી.ઇ.) ધો-૧૦ (મે, ૨૦૧૨) માં કર્મયોગી તાલીમ સમયે પ્રત્યેક આચાર્યશ્રી તથા તાલીમ લેતા શિક્ષકક્ષીને અપાઇ છે જેનો અભ્યાસ અચૂક કરતા રહેશો. આ બંને પુસ્તકો બોર્ડના શિક્ષણપ્રેમી/કેળવણીપ્રેમી સભ્યો દ્વારા ભારે જહેમતથી તૈયાર કરવામાં આવ્યા છે.

પૂજનીય મહાત્મા ગાંધીએ વર્ષો પહેલાં કહેલું કે "રાષ્ટ્રીય ભાવનાને પ્રેમ, કરૂણા, અહિંસાથી જ મજબૂત બનાવી શકાય, ઝનૂનથી નહિ." ડો. એ.પી.જે. અબ્દુલ કલામ પણ આ અંગે જણાવતા કહે છે કે, મારા વ્હાલાં યુવાન બાળકો અને મિત્રો, વ્યક્તિ કરતાં રાષ્ટ્ર મહાન છે - એ વિચારને તમારા મનમાં દૃઢ કરીને જ તમે વ્યક્તિ વિકાશ સાધો.'

દેશભક્તિ, રાષ્ટ્રભાવનાનો કે રાષ્ટ્રીયતાનો ઊંડો અર્થ થાય- માતૃભૂમિ, રાષ્ટ્રભૂમિ, ભારતભૂમિ માટેનો ઊંડો આદર, પ્રેમ ને ગૌરવની લાગણી. બાળપણથી શહિદો અને રાષ્ટ્રપ્રેમી વિભૂતિઓનાં કાર્યો તથા જીવનના પ્રેરક પ્રસંગો જણાવી યુવા વિદ્યાર્થીઓમાં શિક્ષણ દ્વારા રાષ્ટ્રભાવના કેળવી શકાય. ભારતમાં સ્વાતંત્ર્ય સંગ્રામનાં ઇતિહાસમાં ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી નજર કરશો તો ખ્યાલ આવશે કે જયારે પ્રજામાં, યુવાનોમાં અને નેતાઓમાં રાષ્ટ્રભાવના, દેશભક્તિ જાગી, બધા એક ને નેક થયા, સંગઠિત થયા, અહિંસક માર્ગે સત્યાગ્રહો કર્યા. ગાંધીજી - સરદાર વ. પટેલનાં નેતૃત્વ મળ્યાં ત્યારે અંગ્રેજો સામે વિજય મેળવ્યો. જુઓ એક ઝલક : '૫૭ થી '૪૭ના ઇતિહાસની - યુવાનોમાં રાષ્ટ્રીયભાવના કેવી કેળવાઇ અને તેનું કેવું પરિણામ આવ્યું - વર્ગમાં આ વાત શિક્ષકોએ કહેવી.

યુવાન મિત્રો, આપણને આઝાદી મળ્યાને ૬૫ થી ૬૬ વર્ષનાં વહાણાં વાઇ ચૂક્યાં. આઝાદીનો ઇતિહાસ ખૂબ મોટો છે. એ વાંચજો. હજારો પાનાંય ઓછાં પડે એવી વિગતો અંદર છે. આઝાદી મેળવવામાં ભારત દેશના જુદા જુદા ભાગોમાં યુવાનો ને યુવતીઓએ જાનફેસાની રમત ખેલી શહાદત વહોરી આપણને આઝાદ બનાવ્યાં છે.

મહાત્મા ગાંધીજીના નેતૃત્વ નીચે આઝાદી માટેનો અહિંસક સંગ્રામ ૧૯૨૦માં શરૂ થયો. એ પૂર્વે કેટલાય ક્રાંતિવાદીઓએ હિંસાનો પંથ લીધો હતો. હિંસાનો પથ એ સમયે સાચો કે ખોટો, ઇષ્ટ કે અનિષ્ઠ એ વાત સુધી હતી, પરંતુ પોતાની માતૃભૂમિને સ્વતંત્ર કરવા જીવ આપનાર યુવાનોની બહાદુરી પ્રશંસાપાત્ર હતી. ગાંધીજીએ પણ એને બિરદાવી હતી. શહિદો અમર રહો. હવે પ્રાર્થનાસભામાં વાંચો - આઝાદી સંગ્રામની આછી ઝલક.

કેટલાક ૧૮૫૭ના હિન્દી લશ્કરમાં કહેવાતા બળવાને સ્વતંત્રતાનો પહેલો સંગ્રામ ગણે છે એ પછી એ સદીના અંત ભાગમાં બંગાળના યુવાનોએ દેશની સ્વતંત્રતાના વિચારનો પ્રચાર કર્યો. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે એ સમયે કાવ્ય લખ્યું - 'એકલો જાને, એકલો જાને, તારી હાક સૂણી જો કોઇ ના આવે તો એકલો જાને રે!' આ કાવ્યમાં ખુલ્લી છાતીએ ગોળી ઝીલવાનો આદેશ મહારાષ્ટ્ર અને બંગાળના યુવાનોએ સાંભળ્યો.

ચાપેકરભાઇઓએ જિલ્લા અમલદારોનાં ખૂન કર્યા અને હસતે મોંઢે ફાંસીએ ચઢ્યા. અંગ્રેજ સરકારે આ કૃત્ય પાછળ તિલકનો હાથ છે એમ સમજીને એમને બ્રહ્મદેશની જેલમાં મોકલી દીધા હતા.

૨૦મી સદીના આરંભમાં વાઇસરોય-લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા ઠોકી બેસાડ્યા. તેથી આ ક્રાંતિકારી ચળવળને વેગ મળ્યો. અરવિંદ ઘોષ વગેરેના લેખો 'યુંગાતર' માં પ્રસિદ્ધ થયા તેથી સરકારે છાપાવાળાને દબાવી દીધા, છતાંય ચળવળ તો આગળ ચાલી.

છ વર્ષની ઉંમરે જેમણે માતા ગુમાવી, અપરમાનો ત્રાસ વેઠ્યો એ ખુદીરામને શિક્ષક સત્યેનબાનુએ સાથ આપી એનામાં આત્મવિશ્વાસ સાથે દેશભક્તિ જગાડી હતી.

ખુદીરામે અહસકાર આંદોલનમાં ઝંપલાવ્યું, વિદેશી કાપડની હોળી કરી. નરકના કાયદાનો ભંગ કર્યો, નિશાનબાજી શીખ્યા. ૧૬ વર્ષની ઉંમદે ખુદીરામે પોલીસની ઊંઘ હરામ કરી દીધી. બંગાળના ભાગલા પાડનાર લોર્ડ કર્ઝન અને ન્યાયધીશ કિંગ્સફર્ડની સામે ખુદીરામે ટક્કર ઝીલી હતી. ૧૧મી ઓગસ્ટ ૧૯૦૯ની સવારે ખુદીરામને જેલની કોટરીમાંથી બહાર કાઢ્યા અને કહ્યું કે, "તારી કોઇ અંતિમ ઇચ્છા ખરી?" ખુદીરામે 'વંદે માતરમ્' કહી પોતાના હાથે ફાંસીનો ગાળિયો પોતાના ગળામાં ગોઠવી દીધો અને શહિદ બની અમર થઇ ગયા.

આમ, ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી નામના માંડ વીસ વર્ષનાં યુવાનોએ બોમ્બ ફેંકીને ત્રાસ ફેલાવ્યો. તે પકડાયા અને ફાંસીએ ચડ્યા. અલીપોરના કાવતરામાં અરવિંદ ઘોષનો હાથ છે એમ કહી સરકારે એમને ફ્રેંચ રાજ્ય પોંડિચેરીમાં જવાની ફરજ પાડી. ક્રાંતિકારી ચળવળની આગ તો ફેલાતી જ જતી હતી.

મહારાષ્ટ્રના વીર સાવરકર, પંજાબમાં ભાઇ પરમાનંદ, બંગાળના દ્વારકાદાસ વગેરેએ જુલ્મી સરકારના દમનના પગલાનો વિરોધ કર્યો અને એ દમનને ઉત્તેજન આપનાર અંગ્રેજને ઢિંગારા નામે લંડનમાં ઇજનેરોની અભ્યાસ કરતા વિદ્યાર્થીએ લંડન ખાતે ગોળીથી વીંધી નાખ્યો. ઢિંગારાએ જાહેર કર્યું કે, લશ્કરને જોરે દેશનાં બંધનમાં રાખનાર પરદેશી શાસન સાથે સનાતન યુદ્ધ જ કરાય.

લાલા લજપતરાય વગેરે નેતાઓને લાલ-બાલ અને પાલની ત્રિપુટી (લજપતરાય-બાલગંગાધર તિલક-બિપીનચંદ્ર પાલ) ને દેશપાર તગેડી મૂકવામાં આવ્યા હતા. ખુદ રાજધાની દિલ્હીમાં વાઇસરોય લોર્ડ હાર્ડિંગ પર બોમ્બ ફેંકવામાં આવ્યો.

૧૯૧૪માં પ્રથમ યુદ્ધ વિશ્વયુદ્ધ શરૂ થયું. કેટલાક ક્રાંતિકારીઓએ જર્મની, અમેરિકા, તુર્કસ્તાન, ચીન વગેરે દેશો સાથે મળીને બ્રિટીશ સામ્રાજયનો નાશ કરવાની યોજના કરી.

(ક્રમશઃ)

પૃથ્વી પરનાં લાખો જીવોની ઉત્પત્તિથી લઇને તેમની ટેવો, જીવનચર્યા, વિશિષ્ટતાઓ, વગેરે અગણિત રહસ્યોના જાળા આપણે હજી ઉકેલી શક્યા નથી

વન્યસૃષ્ટિ પરિચય

અદ્ભૂત જીવ સૃષ્ટિ

- હેમંત સુથાર

વિશ્વમાં બધે જ ફેલાયેલા જીવો તેમનાં પ્રાકૃતિક આવાસો પ્રમાણે અનુકૂળનો સાધે છે. આવા અનુકૂલનો તેમના અસ્તિત્વને ટકાવી રાખવા માટે ખુબ જ મહત્ત્વનાં હોય છે. જંગલો, રણપ્રદેશ, ઘાસિયા મેદાનો, પર્વતીય વિસ્તારો જેવા ભૂમીય પર્યાવાસોમાં રહેતાં પ્રત્યેક જીવોમાં તેમનાં પર્યાવાસના પ્રકાર પ્રમાણે જીવોમાં વૈવિધ્ય જોવા મળે છે. તળાવો, ઝરણાં, નદીઓ, સરોવરો, સમુહો કે જેમાં પરવાળાના ખડકો કે દરિયાકાંઠા સહિતના જલીય પર્યાવાસોનાજીવો પણ તેમના જીવનનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અનુકૂલનો સાંધે છે.

પર્યાવરણના ભૂમિ, હવા, પાણી, પ્રકાશ, ભેજ, ગરમી, ઠંડી જેવા અજૈવિક ઘટકો પણ જીવોની જીવનચર્યા, દેહ બંધારણ અને બાહ્યાકૃતિ પર અસરકર્તા હોય છે. કોઇ ચોક્કસ પ્રકારના ખોરાક આધારિત જીવો જેવા કે તૃણાહારી, માંસાહારી, મિશ્રાહારી, કીટાંહારી વગેરે નો મુખ્ય ખોકાર આધારે વર્ગીકરણ થયેલ છે. પરંતુ કોઇ ચોક્કસ વૃક્ષોનાં ફૂલોનાં રસ કે ફળો, ફક્ત માછલીઓ, કે એક જ પ્રકાર કે જાતિનાં જીવો પર નભતાં પ્રાણીઓ ખાસ ખોરાકની ટેવ ધરાવતાં ગણાય છે. અજગર અને દેડકા જેવા સરિસૃપો ખોરાક પુરતી માત્રામાં ઉપલબ્ધ હોય ત્યારે વારંવાર ખોરાક લે છે. પરંતુ ખોરાકની અછત હોય ત્યારે ૩ થી ૬ માસ કે તેથી વધુ સમય માટે ખોરાક વગર રહી શકે છે. પામ સિવેટ (વણીયર)ની એક જાત ફક્ત કોફીનાં ફળ ખાય છે અને બીજ ઠગાર રૂપે બહાર કાઢે છે. ફળ ભક્ષી ચામાચિડીયા ચોક્કસ ફળોનો માવો જ ખાય છે. બાકીનાં ભાગોને તે અડતાં નથી.

ચોમાસા દરમિયાન દેડકા અને ગરોળીઓને ભરપૂર માત્રામાં કીટકો મળી રહે છે ત્યારે તે સતત ખાધા કરે છે અને શરીરમાં સારી એવી ચરબી સગ્રહ કરી લે છે. ત્યાર બાદ કીટકો મળતાં ઓછા કે બંધ થાય એટલે ખાધા પીધા વગર મહિનાઓ સુધી સુષુપ્તાવસ્થામાં ચાલ્યા જાય છે.

ઉત્તર અમેરિકામાં જોવા મળતાં કાંગારૂં રેટ (ઉંદરો) આખી જિંદગી પાણી પીધા વગર જીવે છે. રણપ્રદેશમાં વસતાં ઘણાં જીવો પાણી વગર, લાંબા સમય સુધી ટકી રહેવાની શક્તિ ધરાવે છે. ઊંટ, ચિત્તલ, ઘુડખર જેવા શુષ્ક પ્રદેશના આવા ઘણાં પ્રાણીઓને આપણે સારી રીતે ઓળખીએ છીએ. ઊંટના ઢેકામાં ચરબીનો સંગ્રહ થાય છે જે તેને રણપ્રદેશમાં લાંબા સમય સુધી ખાધા-પીધા વગર ટકી રહેવાની શક્તિ પુરી પાડે છે.

નિશાચર જીવો રાત્રિનાં અંધકારમાં બરાબર જોઇ ન શક્તાં હોઇ તેમની સાંભળવાની અને સુંઘવાની ઇદ્ભૂત શક્તિ ધરાવતા હોય છે. ચામાચીડિયા જેવા જીવોનો ઇકોલોકેશન (અવાજનાં તરંગો) આધારિત સંદેશાવ્યવહારની પદ્ધતિની કુશળતાં ધરાવતાં હોય છે.

પક્ષીઓ વૃક્ષો પર માળા બાંધીને તેમનાં ઇંડાનું સેવન કરે છે અને તેમનાં ઇંડા ફરતેનું કવચ કઠણ કેલ્શિયમ યુક્ત હોય છે. પક્ષીઓને પોતાને કે તેમનાં ઇંડાઓને ભક્ષકોનો કોઇ ભય હોતો નથી તેથી આ અનુકૂળ આવે છે. પરંતુ જમીન પર ઇંડા મુકતાં ખાસ કરીને સરિસૃપો ઇંડા મુકીને ચાલ્યા જાય છે. તે પાછળનું કારણ સ્વબચાવનું હોઇ શકે. મગર અને કાચબા જેવા સરિસૃપો તેમના ઇંડા જમીનમાં દાટી દે છે. સરિસૃપોનાં ઇંડાની સંખ્યા પણ પક્ષીઓનાં પ્રમાણમાં ઘણી વધુ હોય છે તે માટેનું મુખ્ય કારણ પણ ઇંડાઓને થતું નુકશા ન જ છે.

હરણ, મૃગ, ગો જેવા શ્રેણીના તૃણાહારી પ્રાણીઓનાં બચ્ચાં જન્મ લેતાંની સાથે જ ઊભા થઇને હાલતાં-ચાલતાં-દોડતાં થઇ જાય છે. તેનું કારણ પણ ભક્ષક માંસાહારી પ્રાણીઓથી સ્વબચાવ થાય તે માટેનું હોય છે.

તમે જોયું હશે કે કૂતરા અને બિલાડીઓ ભય જણાય ત્યારે તેમનાં બચ્ચાઓને ગરદન ભાગની ચામડીની મદદથી એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જાય છે. ખિસકોલીઓ તેમના બચ્ચાંઓને દડા જેવા બનાવીને મોંની મદદથી સુરક્ષિત રીતે એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જતાં હોય છે. વીંછી પણ રીંછના બચ્ચાંઓ તેમની માની પીઠ પર બેસીને માનું રક્ષણ મેળવતાં હોય છે. કીડીખાઉં પોતાના બચ્ચાંને પૂંછડીની ઉપર બેસાડીને ફેરવે છે. ત્યારે કાંગારૂં જેવા પ્રાણી પોતાના બચ્ચાંઓ જાતે સુરક્ષિત રીતે હરતાં-ફરતાં ન થાય ત્યાં સુધી કુદરતે બક્ષેલી વિશિષ્ટ ભેટ એવી ઘાની (કોથળી)માં હૃદય સાથે ચાંપીને ફેરવ્યા કરે છે. છંછુદરના ૬-૭ બચ્ચાં હોય છે. નિશાચર એવામાં જીવના બચ્ચાં રાત્રે માની ગંધ પારખીને માની પૂંચડી પકડીને એક પછી એક પૂંછડી પકડીને આગગાડીના ડબ્બાઓની જેમ રાત્રિનાં અંધકારમાંથી છૂટા પડ્યાં વગર ફર્યા કરતાં નજરે ચઢે છે. સ્વ બચાવ કે પછી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટેનાં આ બધા ખાસ લક્ષણોની ઉત્પત્તિ રહસ્યમય છે.

સ્વરક્ષણ માટે પ્રાણીઓની સમુહમાં રહેવાની ટેવનો પણ સમાવેશ થાય છે. જેમાં સિંહ, હાથી, ચિત્તલ, નીલ ગાય, કાળિયાર, ઘુડખર, વાંદરા, માંકડા, હિપ્પોપોટેમસ, ગેંડા, ઝીબ્રા વગેરેનો સમાવેશ થાય છે. મોટા ભાગે આ બધા તૃણાહારી પ્રાણીઓ છે. આવા ટોળાઓનું નેતૃત્વ મોટા ભાગે જે તે પ્રાણીની ઉંમરલાયક નર કે માદાઓ દ્વારા થતું જોવા મળે છે. હાથીમાં હાથણી, સિંહોના ટોળામાં સિંહણ, કાળિયારમાં નર, વાંદરા અને માંકડાઓનાં નર ટોળાનું નેતૃત્વ કરતાં હોય છે. શ્વાસકુળના વરૂ, શિયાળ, લોંકડી અને જંગલી કૂતરાઓ પણ સમુહમાં જ રહેતાં હોય છે.

પૃથ્વી પરનાં લાખો જીવોની ઉત્પત્તિથી લઇને તેમની ટેવો, જીવનચર્યા, વિશિષ્ટતાઓ, વગેરેને અગણિત રહસ્યોના જાળા આપણે હજી ઉકેલી શક્યા નથી. ઘણીવાર ખુબ જ સામાન્ય જાણકારી પણ આપણે ધરાવતાં હોતાં નથી. જેમ કે, કીડીને કેટલાં પગ હોય છે? અને આપણી આસપાસ ખેલતી - કુદતી આપણી પ્રિય એવી ખિસકોલીઓનાં શરીરના ઉપરનાં ભાગે કેટલા પટ્ટા હોય છે?

ગિફ્ટ એક્ટ અંગે સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

બક્ષિસ એટલે દાતાએ સ્વેચ્છાએ અને અવેજ વગર સ્થાવર જંગલ મિલ્કતની તબદીલી જેને સાદી ભાષામાં એક વ્યક્તિએ બીજી વ્યક્તિને પૈસા કે અવેજ વગર સ્વેચ્છાએ સ્થાવર જંગલમ મિલકતનું કરેલ દાન. આવી મિલ્કતની તબદીલી દાતા મૃત્યુ પામે તો રદ્દબાતલ ગણાય. દાતાએ જાતે જ બક્ષિસ લેનારના નામે તબદીલ કરવી જોઇએ. મુસ્લિમ કાયદામાં કબજાની સોંપણી સાથે મૌખિક બક્ષિસ પુરી થવા માટે પૂરતું છે.

બક્ષિસ, મુક્ત, સ્વેચ્છાએ કરેલ હોવી જોઇએ. વિશિષ્ટ હેતુ માટે અને સંપૂર્ણ બિનશરતી હોવી જોઇએ. દાતાની ઇચ્છા આધારિત ના હોય તેવી શરતો જોડી હોય તે સિવાય બક્ષિસ રદ્દ ન કરી શકાય.

સ્થાવર મિલકતની ટ્રાન્સફર માટે દાતા કે તેના વતી કોઇ વ્યક્તિની અને ઓછામાં ઓછી બે વ્યક્તિની સાક્ષી તરીકેની સહી હોવી જોઇએ. આવો કરાર ભારતીય કરાર અધિનિયમની જોગવાઇ મુજબ રજીસ્ટર હોવો જોઇએ.

આવી બક્ષિસ આપનાર સગીર ના હોવો જોઇએ. પાગલ કે માનસિક બિમાર વ્યક્તિ બક્ષિસ કરાર કરી શકતી નથી. સગીરનાં કેસમાં વાલીનો દાખલો ગાર્ડીયન અંગે સક્ષમ કોર્ટમાંથી મેળવવો પડે છે.

સગીરની તરફેણમાં કરેલ બક્ષીસ તેના વતી સ્વીકારી શકાય, પરંતુ સગીર પુખ્યવતનો થયા પછી બક્ષીસ ટાળવાનો અધિકાર તેને અધિકાર છે તેમજ આવી બક્ષિસ રદ્દબાતલ કરવાનો પરત કરવાનો તેનો અધિકાર અબાધિત રહે છે.

મરણોન્મુખ આપેલ મિલકતના કેસમાં દાતા મરણ પામે ત્યારબાદ તેના એક્ઝીક્યુટીવ તેની ઇચ્છા મુજબ તેની સંપત્તિનું દાન કરી શકે છે. આવી બક્ષીસ મરણોન્મુખ વ્યક્તિએ કરેલી બક્ષિસ ગણવામાં આવે છે.

બક્ષિસ અને મરણોન્મુખ બક્ષિસ અંગે ભેદ છે. મરણોન્મુખ બક્ષિસ વ્યક્તિએ માંદગી દરમિયાન મૃત્યુની સંભવિતતામાં કરેલી બક્ષીસ છે. આવી બક્ષિસ શર્તી હોય છે. જો દાતા સાથે થઇ જાય તો પોતાની ઇચ્છા મુજબ બક્ષિસની શરતોમાં ફેરફાર કરી શકે છે. મિલકતની જંત્રી પ્રમાણે રજીસ્ટ્રારે મૂલ્યાંકન તંત્રે નક્કી કરેલ સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરી આવા બક્ષિસ કરાર રજીસ્ટ્રર કરવામાં આવે છે. રજીસ્ટ્રર બક્ષીસ કરાર અગર તો વીલથી કરેલ બક્ષિસના કેસમાં સક્ષમ કોર્ટનાં વસિયતનાં સર્ટીફિકેટ આધિન જ મિલક્ત અધિનિયમ મુજબ આવી મિલકત દાન મેળવનાર ના નામે ટ્રાન્સફર કરવામાં આવે છે.

ભવિષ્યની મિલ્કતની બક્ષિસ રદ્દબાતલ છે. બક્ષિસપત્ર અમુક વિદ્યમાન, જંગમ અને સ્થાવર મિલકતનો જ કરી શકાય છે. ભવિષ્યની મિલકતની બક્ષિસ કરી શકાય નહીં વેચાણના કિસ્સામાં ભવિષ્યની મિલકતની બક્ષિસની કબૂલાત ગણી શકાય નહીં.

**મિલક્ત તબદીલી અધિનિયમમાં એવું જણાવેલ છે કે દાતાની ઇચ્છા ઉપર આધાર રાખતો ન હોય તેવો કોઇ બનાવ બને તો બક્ષિસ ચોક્કસ રહેશે અથવા રદ થશે. પણ જે બક્ષિસ થવા પ્રસંગ પૂરેપૂરી અથવા અશંતઃ રદ્દબાતલ ગણાશે. બક્ષિસ કરાર હોય તો અવેજના અભાવ કે તેની નિષ્ફળતા સિવાય જે દાખલાઓમાં તે કરાર રદ્દ કરી શકાય તે દાખલામાં રદ્દ કરી શક